# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૫૫ તા. ૯-૮-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

આથી મ્યુનિ. શાળાના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે ભારત સરકાર દ્વારા તા:૧૫/૮/૨૦૧૬ ના રોજ ૭૦ માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવાનું નક્કી કરેલ છે. જેના સંદર્ભમાં તા:૯/૮/૨૦૧૬ થી તા; ૨૩/૮/૨૦૧૬ ના પખવાડિયાને **" આઝાદી ૭૦ ને યાદ કરો કુરબાની"** તરીકે જાહેર કરવામાં આવેલ છે. જે રાજયની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પખવાડિયા દરમ્યાન **"આઝાદી ૭૦ ને યાદ કરો કુરબાની"** ની ઉજવણી કરવા પ્રોત્સાહિત કરવા જણાવવામાં આવેલ છે.

રાજયની તમામ પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ દ્વારા ઓછામાં ઓછી એક પ્રવૃત્તિ કરવાની રહેશે. જેમાં સને. ૧૮૫૭ ની સ્વતંત્રતા સંઘર્ષની ઘટનાઓ આવરી લેવાની રહેશે. તા: ૨૩/૮/૨૦૧૬ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે શાળાના તમામ વિદ્યાર્થીઓએ સમૂહમાં " રાષ્ટ્રગીત" નું ગાન કરવાનું રહેશે.

**તા: ૯/૮/૨૦૧૬ થી તા: ૨૩/૮/૨૦૧૬ દરમ્યાન શાળા કક્ષાએ કરવાની પ્રવૃત્તિઓની વિગતો**

1. તમામ શાળાઓમાં તા: ૨૩/૮/૨૦૧૬ ના રોજ સમુહમાં ૧૧:૦૦ કલાકે રાષ્ટ્રગાન કરવવાનું રહેશે.
2. શાળાના વિદ્યાર્થીઓ બોર્ડર પરના જવાનો માટે ગ્રીટીંન્ગસ કાર્ડ પર ચિત્રો દોરી તેને નજીકના પોસ્ટ ઓફિસમાં પોસ્ટ કરી શકશે.
3. વિદ્યાર્થીઓ સમુહમાં વૃક્ષ વાવી તેનો ઉછેર કરવો, વિદ્યાર્થીઓની જવાબદારી નક્કી કરવાની રહશે અને વૃક્ષનું જતન કરવાનું રહેશે.
4. શાળાના મુખ્ય. શિક્ષકા દ્વારા એવા કોઈ વ્યક્તિને આમંત્રણ કે જે " સ્વતંત્રતા ચળવળ ૧૮૫૭" માં કરવામાં આવેલ સંઘર્ષથી વિદ્યાર્થીઓને માહિતગાર કરી શકે.
   (દા.ત: લેખક, શૈક્ષણિક અને સંરક્ષણ દળના નિવૃત્ત કામ કરતા વ્યક્તિ.)
5. ચિત્ર સ્પર્ધા
6. વકતૃત્વ સ્પર્ધા
7. પરેડ
8. નિબંધ લેખન સ્પર્ધા
9. આઝાદીની ચળવળને લગતુ નાટક રજુ કરવું.
10. સૂત્ર લેખન સ્પર્ધા
11. દેશભક્તિ ગીતો ગાવાની સ્પર્ધા

ઉપરોક્ત જણાવેલ પ્રવૃત્તિઓ પૈકી કોઈ એક પ્રવૃત્તિ દરેક શાળાએ ફરજિયાત કરવાની રહેશે તા: ૨૩/૮/૨૦૧૬ સુધીમાં ઉજવણીનો અહેવાલ અને ફોટોગ્રાફ્સ  હાર્ડ અને સોફ્ટકોપીમાં સુપરવાઈઝરશ્રીઓને મોકલી આપવાનો રહેશે. મદદનીશ શાસનાધિકારીએ તા: ૨૩/૮/૨૦૧૬ ના રોજ ઝોનની એકંદરીકરણ કરી મોકલી આપવાની રહેશે.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

શાળાએ નીચેના ફોર્મેટમાં માહિતી આપવાની રહેશે.

| ક્રમ | શાળાનું નામ | કરેલ પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓની સંખ્યા | પ્રવૃત્તિમાં ભાગ લીધેલ શિક્ષકોની સંખ્યા | પ્રવૃત્તિમાં સમાજના કેટલા લોકોએ ભાગ લીધો તેની સંખ્યા | વકતા તરીકે કોને બોલાવવામાં આવ્યા તેનું નામ | સમુહગાનમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |

**નોંધ :- સમગ્ર ભારત દેશમાં સમગ્રતા રીતે એક સૂત્રતા જાળવીને આ કાર્યક્રમની ઉજવણી કરવાની હોઈ મ્યુનિ. સ્કૂલ બોર્ડ,અમદાવાદની ગુજરાતી,હિન્દી, મરાઠી તમીલ તથા અંગ્રેજી માધ્યમની શાળાઓ માટે આ અગાઉ તા.૨૧-૬-૧૬ ના પરિપત્ર નં.૨૯થી તા.૨૩-૮-૧૬ના રોજ રાંધણછઠ્ઠની રજા જાહેર કરેલ હતી, તે રજા રદ કરવામાં આવે છે. આ રજાને બદલે બીજી રજા આપવા હવે પછી જણાવવામાં આવશે.**

તા.૬-૮-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી